મોદી દ્વારા ઉત્તરાખંડનું ચાર કલાક સુધી હવાઈ નિરીક્ષણ

ઉત્તરાખંડના આપત્તિગ્રસ્તો સાથે આખો દિવસ વિતાવ્યો : તમામ પ્રકારની મદદ કરવાની ગુજરાત સરકારની ખાતરી

ગાંધીનગર, તા.૨૨

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ઉત્તરાખંડમાં વિનાશક મેઘતાંડવે સર્જેલી તારાજીનો ભોગ બનેલા ચારધામ યાત્રાના તીવ્ર અસરગ્રસ્ત વિસ્તારોનું આજે બપોરે ચાર કલાક સુધી હવાઈ નિરીક્ષણ કર્યા બાદ જણાવ્યું કે ઉત્તરાખંડની આ મહાવિનાશક કુદરતી આપત્તિનો ભોગ બનેલાઓ પ્રત્યે કોઈપણ માનવીનું હૃદય કરૂણાથી દ્રવિત થઈ જાય છે. આ આપદા માત્ર ઉત્તરાખંડ કે અહીં આવેલા ભારતભરના યાત્રિકોની નથી પરંતુ સમગ્ર દેશ આ આપત્તિગ્રસ્તો સાથે માનવતા અને કરૂણાની સંવેદનાથી જોડાઈ ગયેલો છે. ગુજરાત સરકાર પણ ઉત્તરાખંડના આપત્તિગ્રસ્તો અને ભારતભરમાંથી આવેલા હજારો યાત્રિકોની તત્કાલ બચાવ રાહત કામગીરીમાં તેમજ પુનઃસ્થાપનાના કાર્યમાં પોતાની સંપૂર્ણ તાકાતથી જવાબદારી અને યોગદાન આપવા તત્પર છે.આ અગાઉ મુખ્યમંત્રીએ દહેરાદૂનમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા ચાલી રહેલા રાહત કેમ્પની મુલાકાત લીધી હતી અને સેંકડો નાગરીકોને મળીને તેમની આપદાની વેળાએ તેઓ તેમની પડખે છે તેવી સાંત્વના પાઠવી હતી.

મુખ્યમંત્રીએ રાહત કમિશ્નરના નેતૃત્વમાં આવેલી ઉચ્ચ સનદી અધિકારીઓની બચાવ-રાહત ટીમ સાથે બેઠક યોજીને ઉત્તરાખંડના આપત્તિગ્રસ્તો અને વિશેષ કરીને ગુજરાતી પરીવારોની સાર-સંભાળ અને તેમને ગુજરાત પરત પહોંચાડવા માટે તથા તત્કાલ બચાવ રાહત વધુ વેગવાન બનાવવા માટે માર્ગદર્શક સૂચનાઓ આપી હતી અને ગુજરાતના યાત્રિકોને પરત મોકલવા માટે ગુજરાત સરકાર દ્વારા મુકવામાં આવેલ ખાસ લકઝરી બસોને તેમણે પ્રસ્થાન કરાવ્યું હતું.મુખ્યમંત્રીએ આજે ખરાબ હવામાન હોવા છતાં બપોરે ૧૨:૦૦થી સાંજના ૪:૦૦ કલાક સુધી દહેરાદૂનથી ઋષિપ્રયાગ, દેવપ્રયાગ, તહેરીડેમ, શ્રીનગર, રૂદ્રપ્રયાગ, કર્ણપ્રયાગ, ચમોલી, ઓટેશ્વર, બદ્રીનાથ, ગૌરીકુંડ, અગત્સ્યમુનિ, ગુપ્તકાશી, જોષીમઠ અને કેદારકાશીના હિમાલયની કંદરાઓમાં આવેલા વિસ્તારોનું હેલીકોપ્ટર દ્વારા નિરીક્ષણ કર્યું હતું અને વિનાશક તારાજી નજરે નિહાળી હતી.ઉત્તરાખંડના હિમાલયની ઘાટીઓમાં આવેલા તમામ તીવ્ર આપત્તિગ્રસ્ત પ્રદેશો અને વિસ્તારોમાં છેક કેદારઘાટી સુધી પહોંચીને તારાજીનું હવાઈ નિરીક્ષણ કરનારા નરેન્દ્ર મોદી સૌ પહેલા મુખ્યમંત્રી હતા. ઉત્તરાખંડના વહીવટીતંત્રએ બપોરે ૧૨:૦૦ વાગે હવાઈ નિરીક્ષણ કરવાની પરવાનગી આપી તે પછી મુખ્યમંત્રીએ દહેરાદૂનથી કેદારનાથ અને બદ્રીનાથ સહિતના તમામ યાત્રાધામો અને રસ્તામાં આવતા પ્રદેશોમાં થયેલી તારાજીની જાત માહિતી મેળવી હતી અને ગુજરાતની જનતા તથા સરકાર આપત્તિગ્રસ્તો સંપૂર્ણ મદદ કરવા પ્રતિબધ્ધ છે તેમ જણાવ્યું હતું.મુખ્યમંત્રીએ જણાવ્યું કે ઉત્તરાખંડના સામાન્ય નાગરીકો અને યાત્રિકોના જાન-માલ તથા મિલકતને થયેલું નુકશાન અકલ્પનીય છે. રસ્તાઓ અને કોમ્યુનિકેશનના નેટવર્ક તુટી જવાને કારણે હજુ સુધી ગ્રામ્ય વિસ્તારોનો સંપર્ક થઈ શકતો નથી. બદ્રીનાથ અને ગુપ્તકાશી જેવા સ્થળોએ હજુ મોટી સંખ્યામાં યાત્રિકો એકત્ર થયેલા તેમણે નિહાળ્યા હતા.

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદ ઝાપટા

દિવ, દમણ, દાદરા-નગર-હવેલીમાં એકાદ-બે સ્થળોએ વરસાદના હળવાથી મધ્યમ ઝાપટા પડવા માટે આગાહી

અમદાવાદ, તા.૨૨

રાજયમાં આજે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદ પડ્યો હતો. જયારે બાકીના વિસ્તારોમાં ગરમી અને ઉકળાટને કારણે નાગરીકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા હતા.

રાજયમાં આજે વલસાડ શહેરમાં ૫૧ મીમી, ઉમરગામમાં ૧૬ મીમી, જુનાગઢના તલાલામાં પાંચ મીમી, ડાંગ ૧૬ મીમી, અમરેલીના રાજુલામાં ૧૧ મીમી, નવસારી જિલ્લાના ચીખલીમાં ૧૯ મીમી, ગણદેવીમાં ૯ મીમી, જલાલપોરમાં ૧૯ મીમી, નવસારી શહેરમાં ૨૮ મીમી, સુરત જિલ્લાના બારડોલીમાં ૩૦ મીમી, મહુવામાં ૭ મીમી, પલસાણામાં ૮ મીમી, ભાવનગરના ગઢડામાં ૧૬ મીમી, વલ્લભીપુરમાં ૨૨ મીમી, તાપીના વાલોદમાં ૨ મીમી, વરસાદ નોંધાયો હતો. અમદાવાદ શહેર સહીત રાજયના બાકીના વિસ્તારોમાં ગરમી અને ઉકળાટને લીધે લોકો પરેશાન થઈ ગયા છે.હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે અમદાવાદમાં આકાશ વાદળછાયુ રહેશે. જ્યારે સમગ્ર રાજય અને દિવ, દમણ, દાદરા-નગર-હવેલીમાં એકાદ-બે સ્થળોએ વરસાદના હળવાથી મધ્યમ ઝાપટા પડવાની શકયતા છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૬.૯ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૭.૨ ડિગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮:૩૦ વાગે ૭૧ ટકા અને સાંજે ૫:૩૦ વાગે ૪૬ ટકા નોંધાયું હતું. હાલ મિશ્ર સ્થિતી જોવા મળી રહી છે.

૧૩૪ શ્રદ્ધાળુ અમદાવાદ વિમાનીમથકે પહોંચી ગયા

દહેરાદુનથી ચારધામની યાત્રાના જે શ્રદ્ધાળુઓ પહોચ્યા તેમાં અમદાવાદના ૧૧ અને વડોદરાના ૧૪ શ્રદ્ધાળુઓ

અમદાવાદ, તા.૨૨

પ્રકૃત્તિનું રૌદ્રસ્વરૂપ અને તેના તાંડવનો પ્રત્યક્ષ અનુભવ,, ચારે તરફ પૂરના ધસમસતા પાણીમાં તણાતા માનવદેહ, જોતજોતામાં પત્તાના મહેલની માફક ધરાશાયી થતી અને પાણીના પ્રવાહમાં ગરકાવ થતી ઈમારતો, ધર્મશાળાઓ અને વસાહતો વચ્ચે ફસાયેલા ગુજરાતના ચારધામ યાત્રીઓમાંથી ૧૩૪ યાત્રિકો આજે રાજ્ય સરકારે કરેલી વ્યવસ્થાના ભાગરૂપે આજે જેટ એરવેઝના વિમાન દ્વારા સવારે ૧૦.૧૫ કલાકે અમદાવાદ વિમાનીમથકે પહોંચતા આ તમામ યાત્રીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.આ તમામ યાત્રિકો આજે અમદાવાદ આવી પહોંચતા યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ મંત્રી રમણલાલ વોરાએ વિમાનીમથકે તમામ યાત્રિકોના ખબરઅંતર પૂછ્યા હતા. આજે અમદાવાદ આવી પહોંચેલા ૧૩૪ યાત્રીઓએ વિમાની સેવાને કારણે ઝડપથી ગુજરાત પહોંચી શકવા બદલ આનંદ અને આભારની લાગણી વ્યક્ત કરવાની સાથે ચારધામની યાત્રી દરમિયાન પોતાના પર વિતેલા આપવિતી વર્ણવતાં જણાવ્યું હતું કે, ગુજરાત સરકારે રાહત કામગીરી માટે ઉચ્ચ અધિકારીઓની ટીમ અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના ઉત્તરાખંડ સરકાર સાથેના સતત સીધા સંપર્કના કારણે અમને જરૂરી સહાય મળવાની શરૂઆત થઈ જતાં રાહત થઈ હતી. બાકી એક સમયે અસ્તિત્વનો સવાલ હતો ત્યાં આજે વિમાની સેવાના કારણે અમે જલ્દીથી ઘરે પહોંચી અમારા ચિંતાતૂર પરિવારોને મળી શકીશું એનો અમને આનંદ છે. આજે સવારે દહેરાદૂનથી ચારધામ યાત્રાના જે ૧૩૪ યાત્રિકો અમદાવાદ વિમાનીમથકે આવી પહોંચ્યા તેમાં અમદાવાદના ૧૧, વડોદરાના ૧૪, ગાંધીનગરના ૨, મુંબઈના ૨, સુરતના ૬, ભુજના ૨, ગાંધીધામ (કચ્છ)ના ૧૮, જૂનાગઢના ૬ તથા ભાવનગરના શિહોરના ૨ યાત્રિકોનો સમાવેશ થાય છે. આ ૭૩ યાત્રિકો ઉપરાંત રાજ્યના અન્ય જિલ્લાઓના યાત્રિકો સાથે કુલ ૧૩૪ યાત્રિકો આ જ વિમાનમાં અમદાવાદ વિમાની મથકે આવી પહોંચ્યા હતા.

નગરપાલિકાની પાંચ સીટ પર ભાજપ હવે બીનહરીફ

અમદાવાદ, તા.૨૨

ભાજપના પ્રદેશ પ્રવકતા આઈ.કે. જાડેજાએ એક નિવેદનમાં જણાવ્યું છે કે આગામી જુલાઈ માસમાં યોજનાર જુદી જુદી નગરપાલિકાઓની ૧૦ પેટાચૂટંણીઓમાંથી ૫ એટલે કે અડધી બેઠકો ઉપર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર બિનહરીફ ચૂંટાયેલા જાહેર થયા છે.

જેમાં અમરેલીની ચલાલા નગરપાલિકાની સામાન્ય બેઠક ઉપર દિલુભા વાળા, કચ્છની ભચાઉ નગરપાલિકાની સામાન્ય બેઠક ઉપર જીલુભા રેવુભા જાડેજા, અમદાવાદની વિરમગામ નગરપાલિકાની અનુસૂચિત જાતિ બેઠક ઉપર ચેતનભાઈ રાઠોડ, જુનાગઢની ઉના નગરપાલિકાની વોર્ડ નં. ૭ની સામાન્ય બેઠક ઉપર ભૂષણભાઈ મુસાભાઈ કસરા અને વોર્ડ નં. ૮ની સામાન્ય બેઠક ઉપર સત્તારભાઈ ઈસ્માઈલભાઈ ભિમી બિનહરીફ ચૂંટાયેલા જાહેર થયા છે.નગરપાલિકાના મતદારો પ્રત્યે આભાર વ્યક્ત કરતા જાડેજાએ જણાવ્યું છે કે દેશના છેલ્લા લગભગ એક દાયકામાં દિશા શૂન્ય વહિવટ આપનાર તથા દેશને કારમી મોંઘવારી તથા ભ્રષ્ટાચારની ગર્તમાં ધકેલનાર કોંગ્રેસને ગુજરાતની પ્રજાએ તો છેલ્લા બાવીસ-બાવીસ વર્ષથી તેને તેનું સાચું સ્થાન બતાવી આપ્યું છે અને આજની પેટા ચૂંટણીના આ સમાચાર સિદ્ધ કરે છે કે, છેલ્લા એક દાયકા કરતા વધુ સમયથી મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ચાલી રહેલ ગુજરાતની ભાજપ સરકારની પ્રજાલક્ષી અને કલ્યાણકારી નીતિઓ તથા સૌનો સાથ, સૌનો વિકાસના મંત્રને લઈને ચાલવાના અભિગમને ગુજરાતની પ્રજાએ યથોચિત પ્રસંગોએ મન મુકીને વધાવ્યો છે.

યુવા ભાજપ રાજ્યભરમાં રકતદાન શિબિરો યોજશે

અમદાવાદ, તા.૨૨

ભાજપના મીડીયા ઈન્ચાર્જ ડો. જગદીશ ભાવસારે જણાવ્યું છે કે દેશની એકતા અને અખંડિતતા માટે પ્રાણ ન્યોછાવર કરનાર, સ્વતંત્ર ભારતની પ્રથમ સરકારના સફળ ઉદ્યોગપ્રધાન તેમજ ભારતીય જનસંઘના સ્થાપક ડો. શ્યામાપ્રસાદ મુખરજીના ૬૦માં બલિદાન દિવસે ભાજપ દ્વારા વિવિધતાસભર કાર્યક્રમ યોજવામાં આવશે અને રાષ્ટ્રની એકતા અને અખંડિતતાની જાળવણી માટે સંકલ્પબદ્ધતા વ્યક્ત કરાશે.૨૩ જૂનના રોજ યોજાનારા કાર્યક્રમની વિગતોમાં ડો. ભાવસારે વધુમાં જણાવ્યું છે કે જમ્મુ-કાશ્મીર અને ડો. શ્યામાપ્રસાદ મુખરજી વિષયને લઈને ભાજપના ખાનપુર કાર્યાલય ખાતે ડો. શ્યામાપ્રસાદ મુખરજી વ્યાખ્યાન-માળાના ઉપક્રમે વ્યાખ્યાન રવિવારે સવારે ૧૦:૧૫ કલાકે યોજવામાં આવશે. આ વ્યાખ્યાન-માળાનું ઉદ્‌ઘાટન ભાજપના પ્રદેશ ઉપાધ્યાક્ષ તેમજ ગુજરાત રાજ્યના ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિના અધ્યક્ષ કૌશિકભાઈ પટેલ કરશે.

સીએ ઈન્સ્ટિટ્યુટના ઉપક્રમે ૨૯થી રાષ્ટ્રીય સંમેલન યોજાશે

રાજ્યપાલ, મુખ્યમંત્રી તથા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો. કલામને આમંત્રણ આપવામાં આવ્યું : ૨૦ રિસર્ચ પેપર રજુ કરાશે

અમદાવાદ, તા.૨૨

ચાર્ટડ એકાઉન્ટન્ટસ ઈન્સ્ટિટ્યુટની અમદાવાદ શાખાએ તેના સ્વર્ણ જયંતિ વર્ષની ઉજવણી પ્રસંગે તા. ૨૯ અને ૩૦મી જૂનના રોજ સંસ્થાના ઈતિહાસનો સહુથી મોટો રાષ્ટ્રીય કક્ષાનો કાર્યક્રમ યોજવાનો નિર્ણય કર્યો છે. અનલોક પોટેન્શીયલ ક્રિએટ વેલ્યુ એકસેપ્ટ ચેલેન્જીસ શિર્ષક હેઠળ ચાર્ટડ એકાઉન્ટન્ટસના વિદ્યાર્થીઓ માટે યોજાઈ રહેલા આ રાષ્ટ્રીય વિદ્યાર્થી સંમેલનમાં મુખ્ય મહેમાન તરીકે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને આમંત્રણ આપવામાં આવ્યું છે.

આ ઉપરાંત દેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો. એ.પી.જે. અબ્દુલ કલામને પણ આમંત્રિત કરવામાં આવ્યા છે. સંસ્થાના અગ્રણી તથા જાણીતા ચાર્ટડ એકાઉન્ટન્ટ સુબોધ કેડીયા, અમરીશ પટેલ અને સત્યેન્દ્ર જહાંએ જણાવ્યું હતું કે આ રાષ્ટ્રીય સંમેલનમાં દેશભરમાંથી ૩૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ ભાગ લેશે અને વિદ્યાર્થીઓ પ્રત્યક્ષ વેરા, આંતરરાષ્ટ્રીય વેરા, સેવા કર, કોર્પોરેટ ગવર્નન્સ, ભારતીય અર્થતંત્ર ઉપરાંત વ્યકિતત્વ વિકાસના વિષયો જેવા કે અસરકારક માહિતી સંચાર, કેપીઓ, બીપીઓ અને ફોરેક્ષ માર્કેટ જેવા વિષયો પર ૨૦ રિસર્ચ પેપર રજૂ કરશે. દેશભરમાંથી આ સંમેલનમાં હાજરી આપનારા પ્રખ્યાત નિષ્ણાંતો ડો. ગીરીશ આહુજા, ધીનલ શાહ, મધુકર હીરેગંગે, યોગેન વૈદ્ય, રાકેશ અગ્રવાલ જેવા નામાંકિત ચાર્ટડ એકાઉન્ટન્ટસની હાજરીમાં આ પેપર રજુ કરાશે.અમદાવાદ શાળાના ચેરમેન સી.એ. પુરષોત્તમ ખંડેલવાલે વધુમાં જણાવ્યું હતું કે આ કાર્યક્રમનું વેબ કાસ્ટીંગ દ્વારા દેશ-વિદેશમાં જીવંત પ્રસારણ કરવામાં આવશે જેનો બે લાખથી વધુ વિદ્યાર્થીઓ લાભ લેશે તેવી ધારણા છે.

તા. ૧લી જૂલાઈના રોજ સીએ ડે ની ઉજવણીના ભાગરૂપે રિશ્તો કા લાઈવ ટેલીકાસ્ટ ગુજરાતી નાટક પ્રદર્શિત કરવામાં આવશે તથા તા. ૧૩ અને ૧૪મી જૂલાઈના રોજ ઓલ ઈન્ડિયા વુમન ચાર્ટડ એકાઉન્ટન્ટ મીટ રાખવામાં આવશે જેના મુખ્ય મહેમાન તરીકે રાજ્યપાલ ડો. કમલા હાજર રહેશે.

શબ્દાવલી - ૫૦૯૭



આડી ચાવી

૧. શીખતું હોય તેવું (૩)
૩. કંચન, સોનું (૩)
૬. પડોશમાં રહેતી સ્ત્રી (૪)
૭. ચાલક (૩)
૮. ઘેલાપણુ, ગાંડપણ (૩)
૧૨. પ્રપંચ, કપટ (૨)
૧૩. બળવો, બળવાખોરી (૪)
૧૬. વાઘ-સિંહ એના શિકાર ઉપર... મારે, ઝાપટ (૩)
૧૭. માદાનું વિરોધી (૩)
૧૯. વચન, વેણ (૨)
૨૦. કયુકો, આંબલીયો (૩)

ઊભી ચાવી

૧. શીખવાડવું તે, ... આપવી (૪)
૨. ખાબોચીયામાંથી પાણી કાઢવું, પાણી... (૪)
૩. નવું ફૂટતું પર્ણ-પાન (૩)
૪. બોલ, ગેડી... (૨)
૫. રગ, ગેડી... (૨)
૮. વિસ્તાર (૩)
૯. છોતરૂં, છાલોતરૂ (૨)
૧૦. ચાલવાની રીત (૨)
૧૧. ચાલાક, હોંશિયાર (૪)
૧૨. મોટા અવાજથી કોઈને વઢવું, ... કરવો (૩)
૧૪. ગુલ્લી, ધાવલી (૩)
૧૫. શરીર (૨)
૧૮. નકામું, રદી (૨)

શબ્દાવલી ૫૦૯૬ના જવાબ

આડી ચાવી :- (૧) કપોલકલ્પિત (૬) સોટ (૭) પાપડ (૯) ટિકીટ (૧૧) કસરત (૧૨) મટર (૧૩) વર (૧૪) પાકીટ (૧૫) મળતર (૧૮) જાપ (૨૦) વેરાન (૨૨) તણખલુ (૨૩) શશી

ઊભી ચાવી :- (૧) કસોટી (૨) પોટકી (૩) કપ (૪) તપાસ (૫) જડતર (૮) પરવશ (૧૦) ટમટમ (૧૧) કરવત (૧૪) પારીજાત (૧૬) રવેશ (૧૭) વેન (૧૯) પણ (૨૧) રાશી

વધુ બે યાત્રિકોના મોત.... ● પહેલા પાનાનું ચાલુ

૨૬ પ્રવાસીઓ હરદ્વારથી ખાસ ટ્રેઈન મારફતે ગાંધીનગર આવી પહોંચ્યા છે. આ ઉપરાંત વૃદ્ધ અને અશક્ત મુસાફરો વિમાન માર્ગે આવ્યા હતા.

મળતા અહેવાલો પ્રમાણે રાજ્ય સરકારે હરદ્વારા, દેહરાદૂન અને ગુપ્તકાશી ખાતે રાહત કેમ્પો શરૂ કર્યો છે અને જે કોઈ પ્રવાસી આ કેમ્પ પર પહોંચે તેને તાત્કાલિક ગુજરાત પરત મોકલવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

આજે પણ હરદ્વારથી આવતી ટ્રેનમાં ગાંધીનગરના ૪૦ થી વધુ યાત્રિકો આવી રહ્યા હોવાના અહેવાલો છે.

હરદ્વારથી મળતી અહેવાલો પ્રમાણે આજે વાતાવરણ શારૂ રહેતાં રાહત કામગીરીમાં વેગ આવ્યો છે. રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે પૂરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કર્યુ હતુ.

કોલેરાના બે કેસ.... ● પહેલા પાનાનું ચાલુ

બીજી તરફ પાણીજન્ય રોગના મળી આવેલા આ બે કેસને પગલે આરોગ્ય તંત્રએ જિલ્લા કલેક્ટરનું પણ ધ્યાન દોર્યું છે અને કોલેરા અસરગ્રસ્ત વિસ્તાર તરીકે આ બન્ને વિસ્તારોને જાહેર કરવા જણાવ્યું હોવાનું જાણવા મળેલ છે.

આરોગ્ય તંત્રએ પેયજળના અપાતા પુરવઠામાં ક્લોરીનેશન માટે પણ માર્ગ-મકાન વિભાગના સત્તાવાળાઓનું ધ્યાન દોર્યું છે. આ ઉપરાંત આ બન્ને વિસ્તારમાં સર્વેલન્સ સઘન બનાવવામાં આવશે તેવા સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે.

દહેગામ શહેરના પુનાતલાવડી વિસ્તાર બાદ ગાંધીનગર શહેરમાંથી પણ કોલેરાના બે કેસ મળતાં આરોગ્ય તંત્રની ઊંઘ હરામ થઈ ગઈ છે અને તંત્રવાહકોએ તમામ તબીબી અધિકારીઓને ગ્રામ્યસ્તરે પણ ક્લોરીનેશન નિયમિત રીતે થાય તે જોવા ખાસ તાકીદ કરી છે એટલુ જ નહિ તેનું સતત મોનીટરીંગ કરવા તેમજ ક્યાંય પણ પાણીના લિકેજીસ મળી આવે તો તાત્કાલિક તેની જાણ સત્તાવાળાઓને કરવા માટે જણાવ્યું છે.

સે. ૨૪ અને મીના બજાર વિસ્તારમાંથી પાણીના લિકેજીસ મળી નહિ આવ્યા હોવાનું જાણવા મળેલ છે. જો કે તંત્રએ ત્યાં સર્વેલન્સની કામગીરી સઘન બનાવી ક્લોરીનની ટીકડીઓનું વિતરણ કર્યુ છે તેમજ ઓ.આર.એસ.ના પેકેટ્સ પણ આપ્યા છે.

કંપની સમાચાર

જેમ્સ એન્ડ જવેલરી ઉદ્યોગ સરકારની સહાયથી ટકેલો છે અને ચાલુ ખાતાની ખાધ (સી.એ.ડી.) માટે સરકારને ભલામણો સૂચવે છે

જેમ્સ એન્ડ જવેલરી ઉદ્યોગ માને છે કે સૌ પ્રથમ દેશની ઉન્નતિ, પણ સાથે સાથે આ ઉદ્યોગ પણ ટકી રહેવો જોઈએ.

ઓલ ઇન્ડિયા જેમ્સ એન્ડ જવેલરી ટ્રેડ ફેડરેશન (જીજેએફ) ભારતની એક મધ્યવર્તી અને સૌથી મોટી વ્યાપારી સંસ્થા છે જે ૬૦,૦૦,૦૦૦ થી વધારે પ્લેયર્સનું પ્રતિનિધિત્વ કરે છે જેમાં જેમ્સ અને જવેલરી ઉદ્યોગમાં એક યા બીજી રીતે સેવાઓ આપતાં સંકળાયેલા ઉત્પાદકો, જથ્થાબંધ વેપારીઓ, છૂટક વેપારીઓ, ડીસ્ટ્રીબ્યુટર્સ (વિતરકો), પ્રયોગશાળાઓ, જેમોલોજિસ્ટ્સ, ડીઝાઈનર્સ અને સંબંધિત સેવાકર્તાઓનો સમાવેશ થાય છે.

● સોના ઉપરની ડ્યુટી જાન્યુઆરી ૨૦૧૨ના રોજ ૧ ટકાથી વધારી જાન્યુરી ૨૦૧૩માં ૮ ટકા કરવામાં આવી છે. જેના કારણે સોનાની ગેરકાયદેસર આયાતને પ્રોત્સાહન મળ્યું છે.

● ભારતીય રીઝર્વ બેંકે જારી કરેલા પરિપત્રમાં દર્શાવ્યા મુજબ સોનાની આયાત માત્ર ૧૦૦ ટકા રોકડ માર્જિન ઉપર જ કરી શકાશે. પણ સોના કે કન્સાઈનમેન્ટ સામે આયાત મંજૂરી મળશે નહીં. આના કારણે ઝવેરાત માટે ઉપયોગમાં લેવાતા સોનાને સીધી અસર થઈ છે અને ઉદ્યોગને મોટો ફટકો પડ્યો છે અને ઝવેરાતના કારીગરો બેકાર બની ગયા છે તથા ઉત્પાદકો વેપારધંધા વગરનાં થઈ ગયા છે કેમ કે, બજારમાં દાગીના બનાવવા માટે બેંક દ્વારા પણ સોનું ઉપલબ્ધ કરાતું નથી.